ચૂંટણી

# મતદાર તરીકે નોંધણી કરાવવા માટે જરૂરી સમગ્ર માહિતી

**ન્યૂ ઝીલેન્ડની સંસદીય ચૂંટણીમાં મત આપવા માટે તમારે નોંધણી કરાવવી પડશે.**
**વધુ માહિતી માટે 0800 ENROL NOW (0800 36 76 56)નો સંપર્ક કરો**
**અથવા [www.elections.org.nz](http://www.elections.org.nz) ની મુલાકાત લો**

દર ત્રણ વર્ષે ઓછામાં ઓછી એક વાર ન્યૂ ઝીલેન્ડમાં નવી સંસદ અને સરકાર પસંદ કરવા માટે સામાન્ય ચૂંટણી થાય છે. MMP (મિક્સ્ડ મેમ્બર પ્રોપોર્શનલ - Mixed Member Proportional) ચૂંટણી પદ્ધતિને કારણે મતદાર તરીકે નોંધાયેલી દરેક વ્યક્તિ બે મત આપી શકે છે. એક મત તમારી પસંદગીના પક્ષ માટે છે અને બીજો મત તમારા સ્થાનિક વિસ્તારમાંથી તમે જેને સંસદસભ્ય તરીકે પસંદ કરવા માગતા હો તેના માટે છે.

તમે ક્યા મતવિસ્તારમાં હશો તે તમારા ઘરના સરનામા પરથી નક્કી થશે. મત વિસ્તારોમાં સામાન્ય અને માઓરી એવા પ્રકાર છે. દરેક મતવિસ્તારમાં નોંધાયેલા મતદારોની યાદી હોય છે. તમે 18 વર્ષ કે તેથી વધારે ઉંમરના હો અને મત આપવાને પાત્ર હો તો કાયદા પ્રમાણે તમારૂં નામ મતદાર યાદીમાં હોવું જ જોઈએ. તમારી ઉંમર 17 વર્ષ હોય તો તમે કામચલાઉ ધોરણે નામ નોંધાવી શકો છો. નોંધણી થઈ ગયા પછી તમારે એની વિગતો તાજી રાખવાની છે. મતદાર રજિસ્ટ્રારો (Registrars of Electors) ન્યૂ ઝીલેન્ડ પોસ્ટ લિમિટેડ (New Zealand Post Ltd) માટે કામ કરે છે અને મતદાર યાદીઓનું કામકાજ સંભાળે છે.

**મતદાર યાદીમાં નામ નોંધાવવા વિશેના સવાલોના જવાબ અંદર છે**
**મતદાર તરીકે નોંધણી પૃષ્ઠ 3**

મતદાર તરીકે નોંધણી કરાવવાની મારી પાત્રતા છે?
મતદાર તરીકે નોંધણી કરાવવા માટે મને અપાત્ર ઠરાવવામાં આવ્યો (આવી) છે?
મારે શા માટે નોંધણી કરાવવી જોઈએ?
મારે શી રીતે નામ નોંધાવવું?
મને નોંધણી માટેનું ફ્રૉર્મ ક્યાંથી મળશે?
હું ઈંટરનેટ દ્વારા મારૂં નામ નોંધાવી શકું કે મારી વિગતો સુધારી શકું?
18 વર્ષની ઉંમર પહેલાં હું નોંધણી કરાવી શકું?
હું વિકલાંગ છું. નોંધણી કરાવવામાં મને મદદ મળી શકશે?
મારૂં કુટુંબ કે મારા મિત્રો વિદેશમાં રહે છે, એમનાં નામ હું નોંધાવી શકું?
પ્રસિદ્ધ ન થયેલી યાદી એટલે શું?
હું ફ્રૉર્મ ભરીને મોકલી આપું તે પછી એના પર શી કાર્યવાહી થાય છે?

મારે શી માહિતી આપવી જોઈએ?

**માઓરીની નોંધણી પૃષ્ઠ 6**

માઓરી મતદાર તરીકે વિકલ્પ છે (Maori Electoral Option)?

હું ન્યૂ ઝીલેન્ડનો/ની માઓરી છું. કઈ મતદાર યાદીમાં નામ નોંધાવવું તે શી રીતે પસંદ કરૂં?

હું પહેલી વાર નોંધણી કરાવનાર માઓરી હોઉં તો?

માઓરી મતદાર વિકલ્પ (માઓરી ઈલેક્ટોરલ ઑપ્શન) કેટલી વાર યોજાય છે?

હું પ્રશાંત ટાપુઓનો/ની પૉલિનેશિયન છું. મારૂં નામ માઓરી મતદાર યાદીમાં લખાવી શકાય?

**મતદાર યાદી પૃષ્ઠ 7**

સંસદીય મતદાર યાદી એટલે શું?

મને મતદાર યાદી ક્યાં જોવા મળે?

મતદાર તરીકેની માહિતીનો ઉપયોગ શું થાય છે?

**નોંધણીની માહિતી તાજી રાખવી પૃષ્ઠ 7**

મારૂં સરનામું બદલાય તો મારે શું કરવું?

મારૂં નામ કે વ્યવસાય બદલાય તો મારે શું કરવું?

મારી વિગતો સુધારતાં ભૂલી જાઉં તો શું થાય?

**નોંધણી તાજી કરવાની ઝુંબેશ પૃષ્ઠ 8**

નોંધણી તાજી કરવાની ઝુંબેશ શું છે?

નોંધણી તાજી કરવાની ઝુંબેશમાં મારે શું કરવાનું છે?

હું નોંધણી કરવાનું ફૉર્મ પાછું ન મોકલું તો શું થશે?

મને નોંધણી તાજી કરવા માટેનું ફૉર્મ જે વ્યક્તિ માટે મળ્યું હોય તે હવે ત્યાં રહેતી ન હોય તો મારે શું કરવું?

મને નોંધણી તાજી કરવાનું ફૉર્મ ન મળે તો મારે શું કરવું?

**મતવિસ્તારની સીમાઓ પૃષ્ઠ 9**

મેં સરનામું બદલ્યું નથી પરંતુ મારૂં નામ કોઈ બીજા મતવિસ્તારમાં છે. શા માટે?

**બીજી ચૂંટણીઓ પૃષ્ઠ 9**

સંસદીય પેટા ચૂંટણી એટલે શું?

સ્થાનિક ચૂંટણી એટલે શું?

નાગરિકોની પહેલથી લેવાતા લોકમત (Citizens Initiated Referenda) અને/અથવા  સરકારની પહેલથી લેવાતા લોકમત (Government Initiated Referenda)માં મત આપવાનો મને અધિકાર છે?

**વધુ માહિતી પૃષ્ઠ 10**

મને વધારે માહિતી શી રીતે મળે?

આ માહિતી મને બીજી ભાષાઓમાં મળી શકે?

**પ્રાસ્તાવિક**

**મતદાર તરીકે નામ નોંધાવવું**

**મતદાર તરીકે નોંધણી કરાવવાની મારી પાત્રતા છે?**

નીચેની સ્થિતિમાં તમારી પાત્રતા છે અને કાયદા પ્રમાણે તમારે નોંધણી કરાવવી જ જોઈએઃ

- તમે ન્યૂ ઝીલેન્ડના નાગરિક અથવા ન્યૂ ઝીલેન્ડના કાયમી નિવાસી હો,અને,
- તમારી ઉંમર 18 વર્ષ કે તેથી વધારે હોય, અને,
- તમે કોઈ વખત સતત એક વર્ષ કરતાં વધારે વખત ન્યૂ ઝીલેન્ડમાં રહ્યા હો, અને,
- તમને ગેરલાયક ન ઠરાવ્યા હોય.

**મતદાર તરીકે નોંધણી માટે મને અપાત્ર માનવામાં આવ્યો / આવી છે?**

નીચેની સ્થિતિમાં તમે નોંધણી ન કરાવી શકોઃ

- તમે ન્યૂ ઝીલેન્ડના નાગરિક હો પરંતુ ન્યૂ ઝીલેન્ડની બહાર રહેતા હો અને છેલ્લાં 3 વર્ષમાં ન્યૂ ઝીલેન્ડ આવ્યા ન હો.
- તમે ન્યૂ ઝીલેન્ડના કાયમી નિવાસી હો અને ન્યૂ ઝીલેન્ડની બહાર હો તેમ જ છેલ્લા 12 મહિનામાં ન્યૂ ઝીલેન્ડ આવ્યા ન હો.

(નોંધઃ ઉપરોક્ત બન્ને નિયમોમાં અપવાદો છે. દાખલા તરીકે, ન્યૂ ઝીલેન્ડની બહાર નોકરી માટે ગયેલા સરકારી કર્મચારીઓ અને સંરક્ષણ દળના કર્મચારીઓ અને એમનાં કુટુંબીજનો.)

ગેરલાયક ઠરાવવા માટેનાં બીજાં પણ કેટલાંક કારણો છે, જેની અસર ગણ્યાગાંઠ્યા લોકોને થાય છે. મતદાર રજિસ્ટ્રારોને આવાં કારણો લાગુ થતાં હોય તેવા લોકોનાં નામોની જાણ કરાય છે. અપાત્રતાનાં અન્ય કારણો વિશે તમારા મનમાં કંઈ પ્રશ્ન કે ફિકર હોય તો 0800 ENROL NOW (0800 36 76 56) પર ફોન કરો અથવા અમારી વેબસાઈટ – www.elections.org.nz જૂઓ.

**મારે શા માટે નોંધણી કરાવવી જોઈએ?**

નોંધણી માટે તમે પાત્ર હો તો તમારે નોંધણી કરાવવી જ જોઈએ. નોંધણી કરાવવાથી તમને મત આપવાની તક મળશે. મતદાન કરવું એ તમારા માટે, ન્યૂ ઝીલેન્ડની સંસદમાં દરેક સામાન્ય ચૂંટણીમાં કયા લોકો અને કયા રાજકીય પક્ષો ચૂંટાયા તે કહેવાની તક છે. તમને સ્થાનિક કાઉંસિલ અને ડિસ્ટ્રિક્ટ હેલ્થ બોર્ડની ચૂંટણીમાં તેમ જ કોઈ પણ લોકમતસંગ્રહ અથવા મતદાનમાં મત આપવાની પણ તક મળે છે.

## મારે શી રીતે નામ નોંધાવવું?

બસ, "મતદાર તરીકે નોંધણીઃ અરજી" ("Enrolling to vote: Application") ફૉર્મ ભરી દો. તમે મત આપવા ન માગતા હો તો પણ તમારે કોઈ મતદાર યાદીમાં નોંધણી માટે અરજી કરવાનું ફરિજયાત છે.

તમે ન્યૂ ઝીલેન્ડના માઓરી અથવા તો ન્યૂ ઝીલેન્ડના માઓરીના વંશજ હો અને પહેલી વાર નોંધણી કરાવતા હો તો તમે કઈ મતદાર યાદીમાં નામ નોંધાવવું તે પણ અરજી દ્વારા કહી શકો છો. તમે માઓરી અથવા સામાન્ય, બેમાંથી કોઈ એક યાદી પસંદ કરી શકો છો.

## મને નોંધણીનું ફૉર્મ ક્યાંથી મળશે?

- આ પુસ્તિકાની પાછળ આપેલી કુપન ભરીને અમને મોકલી આપો, અમે ફૉર્મ મોકલાવીશું.
- કોઈ પણ ટપાલકચેરી (PostShop)માં મફત મળે છે.
- અમને 0800 ENROL NOW (0800 36 76 56) પર મફત ફોન કરો, અમે ફૉર્મ મોકલાવીશું.
- તમારૂં નામ-સરનામું ફ્રી ટેક્સ્ટ (FreeText) દ્વારા 3676 પર મોકલો, અમે ફૉર્મ મોકલાવીશું.
- અમારી વેબસાઈટ - www.elections.org.nz પર વિનંતી કરો અથવા છાપી લો.

ફૉર્મ ભરી લો તે પછી કોઈ પણ ટપાલકચેરી (PostShop)માં આપી દો કે ટપાલ દ્વારા મોકલી આપો (ટપાલટિકિટ ચોંટાડવાની જરૂર નથી). સરનામું આ પ્રમાણે છેઃ

Freepost 2 Enrol
Electoral Enrolment Centre
P O Box 190
Wellington 6140

## હું ઈંટરનેટ દ્વારા મારૂં નામ નોંધાવી શકું કે મારી વિગતો સુધારી શકું?

હા, બસ, અમારી વેબસાઈટ- www.elections.org.nz પર જાઓ અને "એનરૉલ, ચેક ઑર અપડેટ - ડૂ ઈટ હીઅર!" ("Enrol, check or update – Do it here!") બટન ક્લિક કરો. તમારી નોંધણીની વિગતો ભરવા એમાં આપેલી સૂચના પ્રમાણે કરતા જાઓ. તે પછી તમારી વિગતો ભરેલું ફૉર્મ ડાઉનલોડ કરીને પ્રિન્ટ કરી લો, એના પર સહી કરો અને બીજી કાર્યવાહી પૂરી કરવા માટે અમને મોકલો.

અથવા તો, તમે આ કાર્યવાહી માટે અમને વિગતો મોકલો. અમે એક છાપ્યા પહેલાનું તમારૂં અંગત નોંધણી ફૉર્મ મોકલીશું, તમે તપાસી, સહી કરીને અમને પરત મોકલી શકો છો. તમે વેબસાઈટ પર પણ તમારી નોંધણીની વિગતો તપાસી શકો છો.

**18 વર્ષની ઉંમર પહેલાં હું નોંધણી કરાવી શકું?**

હા, તમે 17 વર્ષના થાઓ કે તરત જ નોંધણી ફૉર્મ ભરીને "કામચલાઉ નોંધણી" કરાવી શકો. 18 વર્ષના થશો ત્યારે તમારૂં નામ આપમેળે નોંધી લેવાશે.

અમારી પુસ્તિકા "એનરૉલિંગ ટુ વોટ બિફોર યૂ આર 18" ("Enrolling to vote before you're 18") વાંચો, એમાં વધારે વિગતો છે. આ પુસ્તિકા કોઈ પણ ટપાલકચેરી (PostShop)માં મળે છે અથવા તો 0800 ENROL NOW (0800 36 76 56) ને ફોન કરો. ત્યાંથી આવી જશે.

**હું વિકલાંગ છું. નોંધણી કરાવવામાં મને મદદ મળી શકશે?**

તમે શારીરિક રૂપે વિકલાંગ હો અને તમારૂં નોંધણી ફૉર્મ ભરીને પાછું મોકલવા માગતા હો તો આ પ્રમાણે કરી શકોઃ

- કોઈ નોંધાયેલો મતદાર તમારૂં ફૉર્મ ભરે અને સહી કરે, એણે પોતાની સહી પાસે એ અવશ્ય ટાઈપ કરવું કે "ઈલેક્ટર ફિઝિકલી ડિસેબલ્ડ - સાઈન્ડ બાય ઘેર ડાયરેક્શન" ("Elector Physically Disabled – signed by their direction" - એટલે કે મતદાર શારીરિક રૂપે વિકલાંગ-એની સૂચનાથી સહી કરી).
- અથવા, તમે જેને મુખત્યારનામું આપો તે વ્યક્તિ ફૉર્મ ભરીને સહી કરે. એણે પોતાની સહી પાસે "ઈલેક્ટર ફિઝિકલી ડિસેબલ્ડ - પાવર ઑફ એટર્ની" ("Elector Physically Disabled – Power of Attorney"- એટલે કે મતદાર શારીરિક રૂપે વિકલાંગ - મુખત્યારનામું) એવું અવશ્ય ટાઈપ કરવું પડશે.

તમારા કુટુંબનો કોઈ સભ્ય માનસિક રીતે અસમર્થ હોય તો તમે એનું નામ નોંધાવી શકો છો. વિગતો જાણવા માટે અમને 0800 ENROL NOW (0800 36 76 56) પર મફત ફોન કરો.

**મારૂં કુટુંબ કે મારા મિત્રો વિદેશમાં રહે છે. એમનાં નામ હું નોંધાવી શકું?**

હા, નોંધણી માટે એમની પાત્રતા હજી પણ ટકી રહી હોય તો તમે એમનું નોંધણી ફૉર્મ ભરી શકો છો. તમારે આ રીતે કરવાનું રહે છેઃ

- તમે પોતે નોંધાયેલા મતદાર હો તો એમનું ફૉર્મ ભરીને સહી કરી શકો છો. એમના ફૉર્મમાં તમારી સહીની પાસે તમારે આટલું લખવું પડશે "ઈલેક્ટર ઓવરસીઝ - સાઈન્ડ બાય ઘેર ડાયરેક્શન" ("Elector overseas – signed by their direction") એટલે કે મતદાર વિદેશમાં - એની સૂચનાથી સહી કરી.
- અથવા તમને મુખત્યારનામું (પાવર ઑફ એટર્ની) મળ્યું હોય તો તમે એમનું ફૉર્મ ભરીને સહી કરી શકો છો. એમના ફૉર્મમાં તમારી સહીની પાસે તમારે આટલું લખવું પડશે "ઈલેક્ટર ઓવરસીઝ - પાવર ઑફ એટર્ની" ("Elector Overseas – Power of Attorney") એટલે કે મતદાર વિદેશમાં - મુખત્યારનામું.

તમે નોંધણી કરાવો એ જરૂરી છે, તે પછી તમે મત આપી શકો

**પ્રસિદ્ધ ન થયેલી યાદી એટલે શું?**

તમે એમ માનતા હો કે છાપેલી યાદીમાં તમારી વિગતો પ્રસિદ્ધ થવાથી તમારી અંગત સલામતી સામે જોખમ ઊભું થશે, તો તમે તમારી વિગતો છાપેલી યાદીમાં ન દેખાડવાની વિનંતી કરી શકો છો. આના માટે તમારે જુદી અરજી કરવી પડશે અને તમારા અંગત સંયોગોના કઈંક પુરાવા રજૂ કરવા પડશે, જેમ કે, રક્ષણ માટે આદેશ, કોઈ નિષેધાત્મક આદેશ અથવા તો પોલીસના કોઈ અધિકારીની કાનૂની જાહેરાત.

અમારી પુસ્તિકા "Everything you need to know about the unpublished electoral roll" (પ્રસિદ્ધ ન થયેલી યાદી વિશે તમારે જાણવી જોઈએ તેવી સમગ્ર માહિતી)માંથી વધારે વિગતો મળશે. આ પુસ્તિકા કોઈ પણ ટપાલકચેરી (PostShop)માં મળશે અથવા 0800 ENROL NOW (0800 36 76 56) પર ફોન કરો, ત્યાંથી તમને મોકલી અપાશે.

**હું ફૉર્મ ભરીને મોકલી આપું તે પછી એના પર શી કાર્યવાહી થાય છે?**

ફૉર્મ બરાબર ભર્યું છે કે નહિ તે મતદાર રજિસ્ટ્રાર તપાસી લેશે. ફૉર્મ બરાબર હશે તો તમે છેલ્લે, ઓછામાં ઓછા એક મહિના માટે જ્યાં રહ્યા હો તે વિસ્તારની મતદાર યાદીમાં તમારૂં નામ ચડી જશે. તમારી નોંધણી થઈ હોવાનું જણાવતી જાહેરાત અમે તમને ટપાલથી મોકલાવીશું.

વધારે માહિતી માટે 0800 ENROL NOW (0800 36 76 56) પર ફોન કરો અથવા www.elections.org.nzની મુલાકાત લો

**મારે શી માહિતી આપવી જોઈએ?**

કૃપા કરીને નોંધણી ફૉર્મમાં આપેલા બધા પ્રશ્નોના જવાબો આપશો, જેથી અમે યોગ્ય રીતે તમારી નોંધણી કરી શકીએ. ફક્ત એવી આઈટમો જેમાં (*) ની નિશાની હશે તે જ મતદાર યાદીમાં છપાશે.

*તમારૂં પૂરૂં નામઃ

તમારી નોંધણી બરાબર થઈ છે તે તપાસવા માટે આ જરૂરી છે. એનાથી એ જ અથવા એવાં જ નામવાળા બીજા લોકોથી તમને અલગ પણ તારવી શકાશે.

જન્મ તારીખઃ

આના પરથી તમારો મતદાર રજિસ્ટ્રાર એ નક્કી કરી શકશે કે તમારી નોંધણી કરી શકાય એટલી તમારી ઉંમર છે અને એ તમને એ જ નામવાળા બીજા લોકોથી અલગ તારવવામાં પણ અમને મદદરૂપ બને છે.

સહી અને તારીખઃ
તમે ન્યૂ ઝીલેન્ડના માઓરી હો અથવા ન્યૂ ઝીલેન્ડના માઓરીના વંશજ હો તો તમારે કાં તો માઓરી પૅનલમાં અથવા સામાન્ય પૅનલમાં તારીખ સાથે સહી કરવી જ પડશે. તમે બન્ને પૅનલમાં સહી ન જ કરી શકો. તમારે કઈ મતદાર યાદીમાં રહેવું છે તેની પસંદગી તમે કાળજીપૂર્વક કરો એ બહુ અગત્યનું છે. બીજા બધા લોકોએ માત્ર સામાન્ય પૅનલમાં જ તારીખ સાથે સહી કરવાની છે. તમે શારીરિક રૂપે વિકલાંગ હો અથવા વિદેશમાં રહેતા હો તો તમારા વતી બીજા કોઈની સહી ચાલશે.

* રહેઠાણનું સરનામું
આ તમારા ઘરનું સરનામું છે. તમારૂં સરનામું દેખાડવા માટે તમે ન્યૂ ઝીલેન્ડના પોસ્ટ બૉક્સ નંબર અથવા ગ્રામીણ ડિલીવરી નંબર લખી નાખો તે ન ચાલે. અમને તમારા ઘરનું પૂરૂં સરનામું જોઈશે, જેથી અમે તમારૂં જે ‘રહેઠાણ’ હોય તેની જ મતદાર યાદીમાં તમને મૂકી શકીએ.

તમે તમારા કુટુંબ કે અંગત સંબંધોને કારણે અથવા બીજાં કુટુંબ સંબંધી કે વ્યક્તિગત કારણોસર જ્યાં ઘર બનાવવાનું નક્કી કરો છો, ત્યાં જ તમારૂં “રહેઠાણ” છે. એ સ્થળે તમે પ્રસંગોપાત અથવા હંગામી રીતે ગેરહાજર હો તેનો અર્થ એ નથી કે તમે ત્યાં રહેતા નથી. તમારા નિવાસના સ્થળે તમે તમારા નોકરી ધંધા કે શિક્ષણને કારણે (અથવા પતિ/ પત્નીના નોકરીધંધા કે શિક્ષણને કારણે) ગેરહાજર હો તેની પણ એના પર કોઈ અસર નથી પડતી. તમે ક્યાં રહો છો તે નક્કી કરવામાં સૌથી મહત્વની બાબત તમે ક્યાં ઘર બનાવવાનું પસંદ કરો છો, તે છે.

ટપાલનું સરનામું:
તમારા નિવાસના સરનામા કરતાં તમારૂં ટપાલનું સરનામું જુદું હોય તો એ લખવાનું જરૂરી છે. તમારી નોંધણી થઈ ગઈ હોવાની તમને જાણ કરવા માટે અમને એ જોઈએ છે.

* વ્યવસાયઃ
આના આધારે અમે એક જ નામવાળી વ્યક્તિઓને અલગ તારવી શકીએ છીએ. ઘણી વાર એ છાપેલી યાદીમાં ટૂંકા રૂપમાં જોવા મળી શકે છે.

તમે માઓરી છો?

જે લોકો ન્યૂ ઝીલેન્ડના માઓરી હોય કે ન્યૂ ઝીલેન્ડના માઓરીના વંશજ હોય તેઓ જ માત્ર "હા" ના કુંડાળા પર નિશાની કરી શકે છે. બાકીના બધા જ લોકોએ માત્ર "ના" પર નિશાની કરવાની છે.

ફોન નંબરઃ
એની જરૂર કદાચ અમે તમારો સંપર્ક કરવા માગીએ ત્યારે પડે.

સ્કેચ મૅપઃ
તમારા સરનામાનો કોઈ નંબર ન હોય તો તમારે એ સ્થળનો સ્કેચ મૅપ આપવો પડશે કે જેથી તમને લાગુ પડે તેવી જ મતદાર યાદીમાં તમારૂં નામ મૂકી શકાય.

તમે હાલમાં સરનામું બદલ્યું છે?
તમારો હમણાં જ્યાં નિવાસ છે ત્યાં એક મહિનાથી ઓછું રહ્યા હો તો આ પૅનલ ભરશો.

વિદેશવાસી ન્યૂ ઝીલૅન્ડરઃ
તમે વિદેશમાં રહેતા હો તો જ આ પૅનલ ભરવાની છે. તમે ન્યૂ ઝીલેન્ડમાં છેલ્લે ક્યારે રહેતા હતા, ક્યારે વિદેશ ગયા અને ન્યૂ ઝીલેન્ડ છોડ્યું તે પહેલાં ઓછામાં ઓછા એક મહિના માટે ક્યાં રહેતા હતા તે જરૂર ટાઈપ કરશો.

**માઓરીની નોંધણી**

**માઓરી મતદાર તરીકે વિકલ્પ (માઓરી ઈલેક્ટોરલ ઑપ્શન) છે?**
તમે ન્યૂ ઝીલેન્ડના માઓરી અથવા ન્યૂ ઝીલેન્ડના માઓરીના વંશજ હો તો તમે સામાન્ય અથવા માઓરી મતદાર યાદીમાંથી કોઈ એક પસંદ કરી શકો છો.

**હું ન્યૂ ઝીલેન્ડનો/ની માઓરી છું. કઈ મતદાર યાદીમાં નામ નોંધાવવું તે શી રીતે પસંદ કરૂં?**
જે લોકોએ મતદાર યાદીમાં પોતે માઓરીના વંશજ હોવાનું જણાવ્યું હોય તે સૌને દર પાંચ વર્ષે માઓરી ઈલેક્ટોરલ ઑપ્શનનું ફૉર્મ મોકલવામાં આવે છે. આ ફૉર્મમાં તમારે વિકલ્પ પસંદ કરવાનો હોય છે કે તમે માઓરી મતદાર યાદીમાં રહેવા માગો છો કે સામાન્ય મતદાર યાદીમાં. આને માઓરી ઈલેક્ટોરલ ઑપ્શનનો ઉપયોગ કહે છે.
.

**હું પહેલી જ વાર નોંધણી કરાવનાર માઓરી હોઉં તો?**
તમે ન્યૂ ઝીલેન્ડના માઓરી હો તો નોંધણી ફૉર્મની યોગ્ય પૅનલમાં સહી કરીને તમારે કઈ મતદાર યાદીમાં રહેવું છે તે તમે પસંદ કરી શકો છો. આવી પસંદગી કરી લીધા પછી ફરી વાર માઓરી ઈલેક્ટોરલ ઑપ્શનના ઉપયોગનો વારો ન આવે ત્યાં સુધી તમે એમાં ફેરફાર ન કરી શકો.

**માઓરી ઈલેક્ટોરલ ઑપ્શન કેટલી વાર યોજાય છે?**

માઓરી ઈલેક્ટોરલ ઑપ્શન પાંચ વર્ષમાં એક વાર યોજાય છે, જે ચાર મહિના ચાલે છે. એમાં માઓરી મતદારોને પોતે કઈ મતદાર યાદીમાં રહેવા માગે છે તેનો પુનર્વિચાર કરીને ફેરફાર કરવાની તક મળે છે.

**હું પ્રશાંત ટાપુનો/ની પોલિનેશિયન છું. મારૂં નામ માઓરી મતદાર યાદીમાં લખાવી શકાય?**

ના, એ માત્ર ન્યૂ ઝીલેન્ડના માઓરી અને ન્યૂ ઝીલેન્ડના માઓરીના વંશજો માટે છે. કૂક આઈલૅન્ડ્ઝના માઓરી તેમ જ પ્રશાંત મહાસાગરના ટાપુઓના બીજા નિવાસીઓ નોંધણી માટે પાત્ર હોય તો એમનાં નામ સામાન્ય મતદાર યાદીમાં રહે છે.

આના વિશે વધારે માહિતી અમારી પુસ્તિકા “Enrolling to vote as a New Zealand Maori” માંથી મળી શકશે.

**મતદાર યાદીઓ**

વધારે માહિતી માટે 0800 ENROL NOW (0800 36 76 56) ને ફોન કરો અથવા www.elections.org.nzની મુલાકાત લો

**સંસદીય મતદાર યાદી એટલે શું?**

આ યાદી એટલે નોંધણી કરાવી હોય તેવા બધા જ મતદારોનાં નામનું પુસ્તક. એમાં તેમનું નામ, સરનામાં અને વ્યવસાય હોય છે. એ જોવાનો સૌ કોઈને અધિકાર છે. સંસદીય ચૂંટણીના વર્ષ સિવાય દર વર્ષે એ પ્રસિદ્ધ થાય છે. સંસદીય ચૂંટણીના વર્ષમાં બે યાદીઓ છપાય છે, પહેલી યાદીમાં જોઈને દરેક જણ ખાતરી કરી શકે છે કે એમની વિગતો બરાબર છે કે નહિ. બીજી યાદી ચૂંટણીના દિવસે ઉપયોગમાં લેવાય છે.

**મને મતદાર યાદી ક્યાં જોવા મળે?**

બધા મતદાર રજિસ્ટ્રારોની ઑફિસોમાં અને સાર્વજનિક લાયબ્રેરીઓમાં ન્યૂ ઝીલેન્ડની બધી મતદાર યાદીઓ હોય છે. તે ઉપરાંત દરેક ટપાલકચેરી (PostShop)માં એના વિસ્તારની સામાન્ય અને માઓરી મતદાર યાદીઓ હોય છે. ઘણીયે મોટી ટપાલકચેરી (PostShop)માં આજુબાજુના મતિવસ્તારો માટેની યાદીઓ પણ હોય છે.

અથવા તો, તમે તમારી નોંધણીની વિગતો અમારી વેબસાઈટ- www.elections.org.nz પર પણ તપાસી શકો છો.

**મતદાર તરીકેની માહિતીનો ઉપયોગ શું થાય છે?**

તમે નોંધણી કરાવો ત્યારે તમારા મતવિસ્તારની છાપેલી મતદાર યાદીમાં માત્ર તમારૂં નામ, સરનામું અને વ્યવસાય દેખાડેલાં હશે. આ દસ્તાવેજ કોઈ પણ વ્યક્તિ જોઈ શકે છે. આ માહિતી અને તે સાથે તમારૂં વયજૂથ, ટપાલનું સરનામું અથવા માઓરી વંશજ (લાગુ પડે તો) હોવાની

હકીકત વૈજ્ઞાનિક કે હેલ્થ બોર્ડના સંશોધકો, ઉમેદવારો, સંસદસભ્યો કે રાજકીય પક્ષોને અપાતી હોય છે. આ માહિતી સ્થાનિક કાઉંસિલોને પણ એમનાં જિલ્લા હેલ્થ બોર્ડની ચૂંટણીઓ, લોકમતો અને બીજાં મતદાનો માટે અપાય છે. જ્યૂરીના સભ્યોને પણ મતદાર યાદીઓના આધારે લેવામાં આવે છે.

## નોંધણીની માહિતી તાજી રાખવી

### મારૂં સરનામું બદલે તો મારે શું કરવું?

તમે મકાન બદલો તેનાથી તરત જ પહેલાં ન્યૂ ઝીલેન્ડ પોસ્ટનું “મેલ રી-ડાયરેક્શન રિક્વેસ્ટ” (“Mail Re-direction Request”) ફૉર્મ કોઈ પણ ટપાલકચેરી (PostShop)માં ભરીને આપી દો. તમારા પત્રો તમને નવા સરનામે મળવા લાગશે, અને તે ઉપરાંત તમારા મતદાર રજિસ્ટ્રારને પણ જાણ કરવામાં આવશે કે તમે બીજે રહેવા ગયા છો.

તમારૂં નવું સરનામું એ જ મતવિસ્તારમાં હશે તો મતદાર રજિસ્ટ્રાર માત્ર યાદીમાં સુધારો કરીને તમને એની જાણ કરતી નવી નોટિસ મોકલાવશે.

પરંતુ તમે નવા મતવિસ્તારમાં રહેવા ગયા હશો તો તમને છાપ્યા પહેલાનું અંગત નોંધણી ફૉર્મ મોકલાશે, જે જોઈ તપાસી સહી કરીને પાછું મોકલવાનું રહેશે. તમારા નવા મત વિસ્તારનો મતદાર રજિસ્ટ્રાર તમારી સહીવાળું ફૉર્મ મળ્યા પછી તમારૂં નામ નોંધી લેશે અને તમને જાણ કરવા નોટિસ મોકલશે.

મતદાર રજિસ્ટ્રારને તમારૂં નામ કોઈ પણ મતદાર યાદીમાં નહિ મળે તો એ તમને તમારા નવા સરનામે નોંધણી ફૉર્મ મોકલાવશે.

અથવા તો, તમે નવું નોંધણી ફૉર્મ ભરી શકો છો કે અમારી વેબસાઈટ – www.elections.org.nz પર જઈને તમારૂં સરનામું ઈંટરનેટ દ્વારા સુધારી શકો છો.

### હું મારૂં નામ કે વ્યવસાય બદલું તો મારે શું કરવું?

તમે તમારૂં નામ કે વ્યવસાય બદલો તો જેમ બને તેમ તરત લેખિતમાં તમારા મતદાર રજિસ્ટ્રારને તમારે જાણ કરી દેવી જોઈએ. અથવા તો તમે નવું નોંધણી ફૉર્મ ભરી શકો છો કે અમારી વેબસાઈટ – www.elections.org.nz પર જઈને વિગતો સુધારી શકો છો.

### મારી વિગતો સુધારતાં ભૂલી જાઉં તો શું થાય?

તમે તમારી વિગતો સુધારતા ભૂલી જશો તો નોંધણી સુધારવાની ઝુંબેશ દરમિયાન અમે તમારો સંપર્ક નહિ કરી શકીએ અને તમારૂં નામ મતદાર યાદીમાંથી નીકળી જશે. તે પછી તમારે ફરીથી નોંધણી કરાવવી પડશે.

## નોંધણી તાજી કરવાની ઝુંબેશ

### નોંધણી તાજી કરવાની ઝુંબેશ શું છે?

દર વર્ષે હજારો ન્યૂ ઝીલેન્ડવાસીઓના જીવનમાં પરિવર્તનો આવે છે. તેઓ રહેઠાણ બદલે છે, લગ્ન કરે છે, નોકરીધંધો બદલે છે. ઘણા વિદેશથી પાછા આવે છે, ક્યારેક તેઓ આવા ફેરફારોની મતદાર રજિસ્ટ્રારને જાણ કરતા નથી.

આથી અમે નિયમિત સમયગાળે નોંધણી તાજી કરવાની ઝુંબેશ ચલાવીએ છીએ. દરેક જણે પોતાની વિગતો તપાસીને એમાં સુધારા કરવાના હોય છે, જેથી મતદાર રજિસ્ટ્રાર નવી મતદાર યાદીમાં એનો સમાવેશ કરી શકે.

### નોંધણી તાજી કરવાની ઝુંબેશમાં મારે શું કરવાનું છે?

તમારે તમારી વિગતો તપાસીને, જરૂરી જણાય તો, એમાં સુધારો કરવાનો છે. જૂની મતદાર યાદીમાં નામ હોય તે દરેકને એક ફોર્મ મોકલીને રજિસ્ટ્રાર આ કામને સહેલું બનાવી દે છે. નોંધણી તાજી કરવાના ફૉર્મમાં, રેકૉર્ડમાં જે માહિતી હશે તે આપેલી હશે. એમાં સુધારા કરવાની જગ્યા હોય છે. તે પછી તારીખ સાથે સહી કરીને જવાબી પરબીડિયામાં ફૉર્મ પાછું મોકલી દો. બધી વિગતો સાચી હોય તો તમારે જવાબ આપવાની જરૂર નથી અને નોંધણી તાજી કરવાના ફૉર્મમાં છપાયેલી માહિતી પ્રમાણે તમારી વિગતો મતદાર યાદીમાં રહેશે.

### હું નોંધણી તાજી કરવાનું ફૉર્મ પાછું ન મોકલું તો શું થશે?

તમારી વિગતો નોંધણી તાજી કરવાના ફૉર્મમાં દર્શાવેલી માહિતી પ્રમાણે જ મતદાર યાદીમાં રહેશે.

### મને નોંધણી તાજી કરવા માટેનું ફૉર્મ જે વ્યક્તિ માટે મળ્યું હોય તે હવે ત્યાં ન રહેતી હોય તો મારે શું કરવું?

તમારે એને નવા સરનામે મોકલી દેવું જોઈએ અને તમે એ ન જાણતા હો તો પરબીડિયા પર "ગયા પણ સરનામું નથી" ("Gone no address") એમ લખીને ટપાલમાં પાછું મોકલી આપો. એ મતદાર રજિસ્ટ્રારને પાછું મળશે, એ એનું નામ મતદાર યાદીમાંથી કાઢી નાખશે.

### મને નોંધણી તાજી કરવાનું ફૉર્મ ન મળે તો મારે શું કરવું?

તમારે નોંધણી તાજી કરવાનું નવું ફૉર્મ ભરી જ દેવું જોઈએ. મતદાર રજિસ્ટ્રારને તમારૂં નવું ફૉર્મ મળશે તે પછી તમારૂં નામ મતદાર યાદીમાં ચડી જશે.

## મતવિસ્તારની સીમાઓ

### મેં સરનામું બદલ્યું નથી પરંતુ મારૂં નામ કોઈ બીજા મતવિસ્તારમાં છે. શા માટે?

દરેક મતવિસ્તારમાં લગભગ સરખી સંખ્યામાં લોકો હોવા જોઈએ. પરંતુ કેટલાક વિસ્તારોમાં વૃદ્ધિ થાય છે, તો કેટલાક વિસ્તારોમાં વસ્તી ઘટે છે. આથી ક્યારેક સીમાઓ આઘીપાછી હટાવવી પડે છે.

વસ્તીગણતરી પછી દર પાંચ વર્ષે બધા મતવિસ્તારોની સીમાઓની સમીક્ષા કરવામાં આવે છે. કોઈ મતવિસ્તારની વસ્તીમાં મોટો ફેરફાર થાય તો મતવિસ્તારોને એકસરખા રાખવા, બધામાં લગભગ એકસરખી સંખ્યામાં લોકો હોય તે માટે, સીમાઓ બદલવાનું જરૂરી બની જાય છે. આ નવી સીમાઓ તે પછીની ચૂંટણીમાં ઉપયોગમાં લેવાય છે.

## બીજી ચૂંટણીઓ

### સંસદીય પેટા ચૂંટણી એટલે શું?

ક્યારેક બે સામાન્ય ચૂંટણીઓ વચ્ચે સંસદની કોઈ સીટ ખાલી પડે છે. એ વખતે લોકોને નવો સંસદસભ્ય ચૂંટવાની તક આપવામાં આવે છે. આને પેટા ચૂંટણી કહે છે. એ વખતે સંબંધિત મતવિસ્તારની સુધારેલી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

### સ્થાનિક ચૂંટણી એટલે શું?

તમારૂં નામ સંસદીય મતદાર યાદીમાં હોય તો આપોઆપ સ્થાનિક કાઉંસિલની મતદાર યાદીમાં પણ આવી જાય છે. આનો અર્થ એ કે તમે સ્થાનિક કાઉંસિલ અને જિલ્લા હેલ્થ બોર્ડોની ચૂંટણીમાં પણ મત આપી શકો છો. આમાં તમારા શહેર કે ડિસ્ટ્રિક્ટના મેયર અને તમારી પ્રાદેશિક કાઉંસિલ, સિટી કે ડિસ્ટ્રિક્ટ કાઉંસિલ, કમ્યૂનિટી બોર્ડ, જિલ્લા હેલ્થ બોર્ડ અને લાયસેન્સિંગ ટ્રસ્ટ જેવી સંસ્થાઓના સભ્યોની ચૂંટણીમાં પણ તમે મત દ્વારા પ્રતિનિધિને ચૂંટી શકો છો.

### મને સિટિઝન્સ ઈનીશિએટેડ રેફરેન્ડા (Citizens Initiated Referenda)માં અને/અથવા ગવર્નમેન્ટ ઈનીશિએટેડ રેફરેન્ડા (Government Initiated Referenda)માં ભાગ લેવાનો અધિકાર છે?

સંસદીય મતવિસ્તાર માટેના મતદાર તરીકે તમારૂં નામ નોંધાઈ જાય તે પછી આપોઆપ તમને સિટીઝન્સ અને/અથવા ગવર્નમેન્ટ ઈનીશિએટેડ રેફરેન્ડામાં મત આપવાનો અધિકાર મળે છે.

## વધુ માહિતી

### મને વધારે માહિતી શી રીતે મળે?

મતદાર તરીકે નોંધણી કરાવવા તમારે જો વધારે માહિતી જોઇતી હોય તો આ પ્રમાણે મળી શકે છેઃ

- મફત ફોન કરો 0800 ENROL NOW (0800 36 76 56).

- અમારી વેબસાઈટઃ www.elections.org.nz ની મુલાકાત લો
- નીચે જણાવેલ પુસ્તિકાઓ વાંચો

  -એવરીથિંગ યુ નીડ ટુ નો અબાઉટ ધ અનપબ્લિસ્ડ ઈલેક્ટોરલ રોલ* (Everything you need to know about the unpublished electoral role*)

  -એનરોલિંગ ટુ વોટ બીફોર યુ આર 18* (Enrolling to vote before you're 18*)

  -એનરોલિંગ ટુ વોટ એઝ અ ન્યૂ ઝીલેન્ડ માઓરી* (Enrolling to vote as a New Zealand Maori*)

  * ટપાલકચેરી (PostShops) અથવા મતદાર રજિસ્ટ્રારની ઑફિસેથી મળે છે.

આ પુસ્તિકા વાંચવા બદલ આભાર.
અમને આશા છે કે મતદાર તરીકે નોંધણી માટેના તમારા તમામ પ્રશ્નોના જવાબ તમને આમાંથી મળી ગયા હશે.

તમને હજુ પણ મદદ જોઈતી હોય તો અમને 0800 ENROL NOW (0800 36 76 56) પર મફત ફોન કરો અથવા અમારી વેબસાઈટઃ www.elections.org.nzની મુલાકાત લો.

**આ માહિતી મને બીજી ભાષામાં મળી શકે?**
તમને આ પુસ્તિકાની નકલ માઓરી, કૂક આઈલૅન્ડ્ઝ માઓરી, ટોંગાન, સમોઅન, ચીની કે કોરિયાઈ ભાષાઓમાં જોઈતી હોય તો માત્ર અમને 0800 ENROL NOW (0800 36 76 56) પર ફોન કરશો એટલે અમે તરત એ નકલ મોકલી આપીશું.

વધારે માહિતી માટે 0800 ENROL NOW (0800 36 76 56) પર ફોન કરો અથવા www.elections.org.nzની મુલાકાત લો

Electoral Enrolment Centre
New Zealand Post Limited
PO Box 190
Wellington 6140
ફોન: 0800 ENROL NOW
(0800 36 76 56)
ફેક્સ: (04) 801 0709
ઈ-મેઈલ: enrol@elections.org.nz
વેબસાઈટ: www.elections.org.nz